ગૃહ વિભાગ હોમ કંટ્રોલ

ગોધરા જીલ્લામાં ગોધરા રેલ્વે સ્ટેશન પાસે દિલ્હી–ફરીદાબાદથી અમદાવાદ આવતી સાબરમતી એક્ષપ્રેસ ટ્રેનને આગ લગાડવાનાં બનાવની પ્રાથમિક માહિતી.

આજરોજ તા.૨૭–૨–૨૦૦૨ના રોજ સાબરમતી એક્ષપ્રેસ ટ્રેન દિલ્હી તરફથીઆવી અમદાવાદ જતી હતી. તે કલાક ૭.૧૫ મિનિટે ગોધરા રેલ્વે સ્ટેશને ટ્રેન આવેલ. આ ટ્રેનમાં કાર સેવકો અયોધ્યાથી પરત આવતા હતા. આ ટ્રેન કલાક–૭.૨૦ મિનિટે ગોધરા રેલ્વે સ્ટેશનથી રવાના થયેલ. ટ્રેનમાં કાર–સેવકો સુત્રોચ્ચાર કરતા હતા.

રેલ્વે સ્ટેશનથી આજુબાજુનો સમગ્ર વિસ્તાર મુસ્લીમ વિસ્તાર હોઈ સુત્રોચ્ચાર સાંભળી મુસ્લીમોના ટોળાંભેગા થઈ ગયેલ અને ટ્રેન ઉપર પથ્થરમારો કરેલ. અને રેલ્વે સ્ટેશનથી વડોદરા તરફ જતાં અર્ધો કિ.મી. આગળ સિંગલફળીયા વિસ્તાર પાસે ટ્રેનને રોકવામાં આવેલ અને ટ્રેનને આગ લગાડેલ છે. સ્થળ ઉપર એસ.પી.ગોધરા તથા એસ.આર.પી. તેમજ સ્થાનીક રેલ્વે પોલીસના માણસો તથા ફાયરબ્રિગેડના માણસો પહોંચી ગયેલ છે. પોલીસ બંદોબસ્ત ચાલુ છે.

નીચે પ્રમાણે પ્રાથમીક વિગતો મળેલ છે.

૧. ટ્રેનમાં ચાર ડબ્બા (બોગી)નેઆગ લગાડેલ છે.
૨. આગ લાગવાથી પ્રાથમીક માહિતી પ્રમાણે પાંચ વ્યકિતઓનાં દાઝી જવાથી મૃત્યુ થવા સંભવ છે.
૩. ટ્રેનમાં આગ લાગેલ ડબ્બાને બાકીની ટ્રેનથી અલગ કરી દેવામાં આવેલ છે.
૪. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી અનેપોલીસ અધિક્ષકશ્રી બનાવનાં સ્થળે તાત્કાલીક પહોંચી ગયેલ છે.
૫. એસ.આર.પી./પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવેલ છે.
૬. જરુરી વાહનો/બસો મેળવીને બચાવ/રાહતની કામગીરી શરુ કરી દેવામાં આવેલ છે.
૭. ડૉકટરોની ટીમે ૧૮ દાઝી ગયેલ મુસાફરોની સારવાર શરુકરી દીધેલ છે. જેમાં અમદાવાદનાં સાત, મહેસાણાના સાત, વડોદરાના ત્રણ અને સોજીત્રાનાં એક. એમ કુલ–૧૮ને સિવિલ હોસ્પીટલમાં ગોધરામાં સારવાર અર્થે દાખલ કરેલ છે.
૮. સ્થળ ઉપરની આગ ફાયરબ્રિગેડની મદદથી કાબુમાં લેવામાંઆવેલછે.